Monday
31.08.2026
*Volume :11 * Issue No.58
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા વિધાનસભાના થલતેજ વોર્ડ ખાતે બૂથના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે વડાપ્રધાનશ્રીના 'મન કી બાત'નું શ્રવણ કર્યું



મન કી બાત એટલે પ્રેરણા, ઊર્જા અને રાષ્ટ્ર નિર્માણનો સંકલ્પ"સકારાત્મક વિચારો અને જનસહભાગિતા વધારવાનો પ્રેરક સંદેશ આપતો કાર્યક્રમ

### મુખ્યમંત્રીશ્રીએ 'મન કી બાત'ના ૧૩૭મા એપિસોડનું પોતાના મતક્ષેત્રના નાગરિકો અને બૂથના કાર્યકર્તાઓ સાથે કર્યું સામૂહિક શ્રવણ

કમલમ્,અમદાવાદ

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૭મા એપિસોડનું સમગ્ર દેશ અને રાજ્યભરમાં સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારના થલતેજ વોર્ડ ખાતે બૂથ સ્તરના કાર્યકર્તાઓ, સ્થાનિક આગેવાનો અને નાગરિકો સાથે ઉપસ્થિત રહીને વડાપ્રધાનશ્રીના આ પ્રેરણાદાયી રાષ્ટ્રજોગા સંદેશનું શ્રવણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પોતાના મતવિસ્તારના થલતેજ વોર્ડમાં બૂથ સ્તરના કાર્યકર્તાઓ અને સ્થાનિક નાગરિકો સાથે પ્રત્યક્ષ બેસીને વડાપ્રધાનશ્રીના વિચારો સાંભળ્યા હતા અને સંગઠનની શક્તિ તેમજ જનસેવાના સંકલ્પને વધુ સુદ્રઢ બનાવ્યો હતો. વડાપ્રધાનશ્રી દ્વારા 'મન કી બાત' થકી દેશના ખૂણે-ખૂણે થતા સામાજિક પરિવર્તનો, સ્વચ્છતા, સ્થાનિક કલા-સંસ્કૃતિ અને 'વોકલ ફોર લોકલ' જેવા વિષયો પર આપવામાં આવતા માર્ગદર્શનને ગુજરાતના જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ દોહરાવવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીશ્રીએ દેશના સર્વાંગી વિકાસ માટે જનભાગીદારીને મુખ્ય આધાર ગણાવીને નાગરિકોને સકારાત્મક વિચારો સાથે પ્રગતિના માર્ગે આગળ વધવા આહ્વાન કરવામાં આવ્યું.



વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવી રહેલા નવા પ્રયોગો, સ્ટાર્ટઅપ્સ અને ટેકનોલોજીના ઉપયોગની સરાહના કરી હતી તેમજ વોકલ ફોર લોકલ સ્થાનિક ઉત્પાદનો, કલા-સંસ્કૃતિ અને સ્વદેશી ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપી 'આત્મનિર્ભર ભારત' બનાવવાની દિશામાં યોગદાન આપવા પર ભાર મુકાયો હતો સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જતન અને 'નારી શક્તિ' (મહિલા સશક્તિકરણ) અંગે દેશભરમાં થયેલા સફળ પ્રયોગો રેખાંકિત કરાયા હતા સ્થાનિક ખેડૂતો દ્વારા અપનાવવામાં આવતી આધુનિક તથા પરંપરાગત પદ્ધતિઓની સરાહના કરવામાં આવી હતી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'મન કી બાત'માં દેશના યુવા ધનને નશાથી મુક્ત રાખી 'વિકસિત ભારત'ના નિર્માણમાં યોગદાન આપવા માટે 'નશા મુક્ત ભારત અભિયાન'ને વધુ વેગવંતું બનાવવા ખાસ આહ્વાન કર્યું હતું. કૃષ્ણા શેષાદ્રી દ્વારા નિર્મિત 'ભારતરાજ્ય' વેબસાઈટનો વિશેષ ઉલ્લેખ કરી તેના સરાહનીય પ્રયાસને બિરદાવ્યો હતો. થલતેજ વોર્ડ ખાતે યોજાયેલા આ સામૂહિક શ્રવણ કાર્યક્રમમાં બૂથના કાર્યકર્તાઓ, પદાધિકારીઓ તથા સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની લોકભવન ખાતે શુભેચ્છા મુલાકાત

### રાજ્યના સર્વાંગી વિકાસ, પ્રજાલક્ષી યોજનાઓ અને જનકલ્યાણના વિષયો અંગે સાર્થક ચર્ચા

કમલમ્,

ગાંધીનગરસ્થિત લોકભવન ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ મુખ્યમંત્રીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રી વચ્ચે રાજ્યના સર્વાંગી વિકાસ, પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ, જનકલ્યાણ તેમજ વિકાસલક્ષી વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર સાર્થક ચર્ચા થઈ હતી. રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના વ્યાપ, પર્યાવરણ સંવર્ધન, શિક્ષણ ક્ષેત્રે નવીનતા, ગુજરાતના વિકાસને લગતા ભાવિ આયોજનો અને છેવાડાના નાગરિકો સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવાની કામગીરી અંગે આ મુલાકાત દરમ્યાન વિસ્તૃત સંવાદ થયો હતો.



# આધુનિક સુવિધાઓથી સજ્જ GIPCA પરિસરમાં ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સને ધ્યાને રાખી સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ બનશે: ક્રાઇમ ડીજીપી ડો. કે. એલ. એન. રાવ

### 'ખેલેગા ભારત, જીતેગા ભારત'ની થીમ હેઠળ જેલ વિભાગ દ્વારા 'રાષ્ટ્રીય ખેલ દિવસ ૨૦૨૬'ની ભવ્ય ઉજવણી

કમલમ્,

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત નેશનવાઈડ સેલિબ્રેશન ઓફ નેશનલ સ્પોર્ટ્સડે ૨૦૨૬ અંતર્ગત તા. ૨૮થી ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન "ખેલેગા ભારત, જીતેગા ભારત', થીમ હેઠળ વિવિધ રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ પ્રિઝન્સ એન્ડ કરેક્શનલ એડમિનિસ્ટ્રેશન (GIPCA), અમદાવાદ ખાતે ક્રાઈમ ડીજીપી ડો. કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં જેલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ માટે ઝોનવાઈઝ કબડ્ડી તેમજ રસ્સા ખેંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. રાવે જણાવ્યું હતું કે, રમતગમત એ શારીરિક ક્ષમતા સાથે ટીમ ભાવના અને શિસ્ત કેળવવાનું ઉત્તમ માધ્યમ છે. પોલીસ આવાસ નિગમ દ્વારા ફેઝ-૧ અંતર્ગત GIPCAનું અદ્યતન નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. આ નવનિર્મિત કેમ્પસમાં જેલ સહાયકથી લઈને નાયબ અધિક્ષક સુધીના અધિકારીઓ અને કર્મચારીઓ માટે સ્માર્ટ ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ અને લાઈબ્રેરી સહિતની ઉચ્ચ કક્ષાની તાલીમ વ્યવસ્થાઓ ઉપલબ્ધ બનશે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદ ખાતે યોજાનાર ઓલિમ્પિક તેમજ કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને GIPCA પરિસરમાં વિવિધ રમતોના આધુનિક ગ્રાઉન્ડ્સ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેનો લાભ તાલીમાર્થીઓને મળશે.



ડીજીપીશ્રીએ હાલ ૯ માસની પાયાની તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ કરી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલ 'DGP કપ ૨૦૨૬-૨૭ - ગુજરાત પોલીસ રેસલિંગ ક્લસ્ટર કોમ્પિટિશન'માં સમગ્ર રાજ્યમાંથી ૨૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત જેલ વિભાગના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવીને ૬ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સહિત કુલ ૧૪ મેડલ પોતાના નામે કરી સમગ્ર ટુર્નામેન્ટની પ્રતિષ્ઠિત 'ચેમ્પિયન ટ્રોફી' હાંસલ કરી જેલ વિભાગનું નામ રોશન કર્યું છે. આ તકે ડો. રાવે જેલ વિભાગના ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી 'ગુજરાત પોલીસ ડી.જી.પી. કપ કબડ્ડી (પુરુષ) ૨૦૨૬-૨૭' સ્પર્ધા માટે જેલ વિભાગના વિવિધ જેલો અને GIPCA ખાતેથી ઉત્કૃષ્ટ ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી છે.

# ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકોમાંથી શોધાયા જનસેવાના શ્રેષ્ઠ પ્રતિનિધિઓ, ૧૧ ધારાસભ્યોને 'Shining India Best MLA Award – 2026

### ચાર મહિનાના વ્યાપક ગ્રાઉન્ડ સર્વે અને જનમતના આધારે પસંદગી; પૂર્વ રાજ્યપાલ પ્રો. જગદીશ મુખીને Life Time Achievement Award અને પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને Excellence in Public Service Awardથી સન્માનિત કરવામાં આવ્યા

કમલમ્,

ગુજરાતમાં જનસેવા, વિકાસ અને જનતા પ્રત્યેની જવાબદારીના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરનારા જનપ્રતિનિધિઓને સન્માનિત કરવાના ઉદ્દેશ્યથી 18th Shining India Best MLA Awards – Gujarat 2026નું આયોજન શનિવારે Town Hall, Sector-17, Gandhinagar ખાતે કરવામાં આવ્યું. સમારોહમાં ગુજરાતના વિવિધ વિધાનસભા વિસ્તારોમાંથી પસંદ કરાયેલા ૧૧ ધારાસભ્યોને જનસેવા, વિકાસલક્ષી પહેલો અને પોતાના-પોતાના મતવિસ્તારોના સર્વાંગી વિકાસમાં નોંધપાત્ર યોગદાન બદલ Shining India Best MLA Award – 2026 માટે પસંદ કરવામાં આવ્યા. સમારોહના મુખ્ય અતિથિ આસામના પૂર્વ રાજ્યપાલ માનનીય પ્રો. જગદીશ મુખીજી રહ્યા. કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રીઓ, ગુજરાત વિધાનસભાના પદાધિકારીઓ, ધારાસભ્યો, પૂર્વ મંત્રીઓ, વરિષ્ઠ જનપ્રતિનિધિઓ તથા વિવિધ ક્ષેત્રોની પ્રતિષ્ઠિત હસ્તીઓ ઉપસ્થિત રહી.

**ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ચાર મહિનાનો ગ્રાઉન્ડ સર્વે**

પુરસ્કારોની પસંદગી પ્રક્રિયાને વ્યાપક અને જમીની આધાર આપવા માટે Shining India News અને Shining India Surveyની ટીમે ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર લગભગ ચાર મહિના સુધી ગ્રાઉન્ડ સર્વે અને વિસ્તૃત મૂલ્યાંકન કર્યું. સર્વે દરમિયાન વિવિધ વિધાનસભા વિસ્તારોમાં સામાન્ય નાગરિકો પાસેથી પ્રતિસાદ મેળવવાની સાથે ધારાસભ્યોની જનતા વચ્ચે ઉપલબ્ધતા, જનસમસ્યાઓનું નિરાકરણ, વિકાસ કાર્યો, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, માર્ગ અને માળખાકીય સુવિધાઓ, ગ્રામીણ અને સામુદાયિક વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ, સ્વચ્છતા તથા અન્ય જનસેવા સંબંધિત પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવ્યો. નિર્ધારિત મૂલ્યાંકન માપદંડો અને જમીની પ્રતિસાદના આધારે ૫૫ ધારાસભ્યોને પ્રારંભિક રીતે ચિહ્નિત કરવામાં આવ્યા. વિસ્તૃત મૂલ્યાંકન બાદ તેમાંથી ૧૧ ધારાસભ્યોની અંતિમ પસંદગી Shining India Best MLA Award – 2026 માટે કરવામાં આવી.

**પ્રો. જગદીશ મુખીને Lifetime Achievement Award – 2026**

સમારોહમાં આસામના પૂર્વ રાજ્યપાલ માનનીય પ્રો. જગદીશ મુખીજીને SHINING INDIA LIFETIME ACHIEVEMENT AWARD – 2026 થી સન્માનિત કરવામાં આવ્યા. તેમને આ સન્માન શિક્ષણ, જનસેવા અને રાષ્ટ્રનિર્માણમાં તેમના અસાધારણ અને વિશિષ્ટ યોગદાન બદલ અર્પણ કરવામાં આવ્યું. પોતાના સંબોધનમાં પ્રો. મુખીએ લોકશાહી વ્યવસ્થામાં જનસેવા, સુશાસન, જવાબદારી અને જનપ્રતિનિધિઓની ભૂમિકાના મહત્ત્વ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા તથા સન્માનિત ધારાસભ્યોને શુભેચ્છાઓ પાઠવી.

**ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને Excellence in Public Service Award – 2026**

ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાજીને SHINING INDIA EXCELLENCE IN PUBLIC SERVICE AWARD – 2026થી સન્માનિત કરવામાં આવ્યા. તેમને આ સન્માન શિક્ષણ અને જનસેવાના ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે તેમણે જનસેવા, શિક્ષણ, લોકશાહી મૂલ્યો અને જાહેર જીવનમાં જનપ્રતિનિધિઓની જવાબદારીના મહત્ત્વ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા.




**"આ સન્માન માત્ર ધારાસભ્યોનું નહીં, પરંતુ જનતાના વિશ્વાસનું સન્માન છે" — હતિક સૈની**

Shining India News અને Shining India Surveyના Editor-in-Chief હતિક સૈનીએ જણાવ્યું કે Best MLA Awards નો ઉદ્દેશ્ય કોઈ રાજકીય પક્ષ અથવા વિચારધારાનું સમર્થન કરવાનો નથી, પરંતુ જનતા વચ્ચે વધુ સારી કામગીરી કરનારા જનપ્રતિનિધિઓની ઓળખ કરી તેમના કાર્યોને જાહેર મંચ પર સન્માન આપવાનો છે.તેમણે જણાવ્યું: "ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર લગભગ ચાર મહિના સુધી અમારી ટીમે જમીની સ્તરે અભ્યાસ કર્યો. જનતાનો અભિપ્રાય, ધારાસભ્યની ઉપલબ્ધતા, જનસમસ્યાઓનું નિરાકરણ, વિકાસ કાર્યો અને સામાજિક સરોકારો સહિત અનેક નિર્ધારિત માપદંડોને મૂલ્યાંકનનો આધાર બનાવવામાં આવ્યા. ૫૫ ધારાસભ્યોના વિસ્તૃત અભ્યાસ બાદ ૧૧ ઉત્કૃષ્ટ ધારાસભ્યોની પસંદગી કરવામાં આવી. અમારો વિશ્વાસ છે કે લોકશાહીમાં સારા કાર્યને ઓળખ મળવી જોઈએ. આ સન્માન માત્ર ધારાસભ્યોનું જ નહીં, પરંતુ તે નાગરિકોના વિશ્વાસનું પણ સન્માન છે, જેમના માટે જનપ્રતિનિધિઓ કાર્ય કરે છે." હતિક સૈનીએ જણાવ્યું કે આ પહેલ જનસેવા, જવાબદારી અને વિકાસલક્ષી રાજકીય કાર્યસંસ્કૃતિને પ્રોત્સાહિત કરવાનો એક પ્રયાસ છે. ૧૧ ધારાસભ્યોની Shining India Best MLA Award – 2026 માટે પસંદગ ચાર મહિનાના વ્યાપક ગ્રાઉન્ડ સર્વે અને મૂલ્યાંકનના આધારે નીચેના ૧૧ ધારાસભ્યોની સન્માન માટે પસંદગી કરવામાં આવી:

સન્માનિત ધારાસભ્યો

SHINING INDIA BEST MLA AWARD – 2026

૧. માનનીય શ્રી પૂર્ણેશભાઈ મોદીજી — સુરત પશ્ચિમ વિધાનસભા ક્ષેત્ર
૨. માનનીય શ્રી કાંતિલાલભાઈ અમૃતિયાજી — મોરબી વિધાનસભા ક્ષેત્ર
૩. માનનીય શ્રી જનકભાઈ તલાવિયાજી — લાઠી વિધાનસભા ક્ષેત્ર
૪. માનનીય શ્રી જગદીશભાઈ મકવાણાજી — વઢવાણ વિધાનસભા ક્ષેત્ર
૫. માનનીય શ્રી સંજયસિંહ મહીડાજી — મહુધા વિધાનસભા ક્ષેત્ર
૬. માનનીય શ્રી ભગવાનજીભાઈ કરગટિયાજી — માંગરોળ વિધાનસભા ક્ષેત્ર
૭. માનનીય શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલાજી — પાદરા વિધાનસભા ક્ષેત્ર
૮. માનનીય શ્રી જિગ્નેશ મેવાણીજી — વડગામ (SC) વિધાનસભા ક્ષેત્ર
૯. માનનીય શ્રી ભગાભાઈ બારડજી — તાલાલા વિધાનસભા ક્ષેત્ર
૧૦. માનનીય શ્રી નરેશભાઈ પટેલજી — ગણદેવી (ST) વિધાનસભા ક્ષેત્ર
૧૧. માનનીય શ્રી કૌશિકભાઈ વેકરિયાજી — અમરેલી વિધાનસભા ક્ષેત્ર

**જનસેવા અને જવાબદારીને પ્રોત્સાહિત કરવાની પહેલ**

Shining India Best MLA Awards નો ઉદ્દેશ્ય એવા જનપ્રતિનિધિઓના કાર્યોને ઓળખ આપવાનો છે, જેમણે પોતાના વિધાનસભા વિસ્તારોમાં જનસેવા, વિકાસ અને જનતા પ્રત્યેની જવાબદારીના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રયાસો કર્યા છે. સન્માન પ્રાપ્ત કરનારા ઉપસ્થિત ધારાસભ્યોએ આ સન્માનને પોતાના-પોતાના વિધાનસભા વિસ્તારોની જનતાના વિશ્વાસ અને સહયોગ સાથે જોડીને જનસેવા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

**"પુરસ્કાર સાથે જવાબદારી પણ વધે છે"**

સમારોહ દરમિયાન વક્તાઓએ એ બાબત પર ભાર મૂક્યો કે કોઈપણ જનપ્રતિનિધિ માટે સન્માન માત્ર ઉપલબ્ધિ નથી, પરંતુ જનતાની અપેક્ષાઓ પર વધુ સારી રીતે ખરા ઉતરવાની જવાબદારી પણ છે. ઉપસ્થિત મંત્રીઓ અને વરિષ્ઠ જનપ્રતિનિધિઓએ સન્માનિત ધારાસભ્યોને અભિનંદન પાઠવતાં જમીની સ્તરે વધુ સારી કામગીરી કરનારા જનપ્રતિનિધિઓને જાહેર મંચ પર ઓળખ આપવાની આ પહેલની પ્રશંસા કરી.

**દેશના વિવિધ રાજ્યોમાં ૧૭ આયોજન; ગુજરાતમાં ૧૮મું સંસ્કરણ**

Shining India News અને Shining India Survey દ્વારા દેશના વિવિધ રાજ્યોમાં અગાઉ 17 Best MLA Award સમારોહ યોજાઈ ચૂક્યા છે. ગાંધીનગરમાં આયોજિત 18th Shining India Best MLA Awards – Gujarat 2026 આ રાષ્ટ્રીય પહેલની આગામી મહત્વપૂર્ણ કડી છે. આયોજકોના જણાવ્યા અનુસાર, આ પહેલનો ઉદ્દેશ્ય લોકશાહી વ્યવસ્થામાં જનસેવા, જવાબદારી, વિકાસ અને સકારાત્મક રાજકીય કાર્યસંસ્કૃતિને પ્રોત્સાહિત કરવાનો તથા પોતાના વિસ્તારોમાં જમીની સ્તરે નોંધપાત્ર કામગીરી કરનારા જનપ્રતિનિધિઓને જાહેર ઓળખ આપવાનો છે. સમારોહ બાદ મુખ્ય અતિથિ, વિશિષ્ટ અતિથિઓ, ધારાસભ્યો અને આમંત્રિત મહાનુભાવો માટે રાત્રિભોજનનું આયોજન કરવામાં આવ્યું.

**સન્માન અને પુરસ્કારોની સત્તાવાર યાદી**

SHINING INDIA LIFETIME ACHIEVEMENT AWARD – 2026

માનનીય પ્રો. જગદીશ મુખીજી

Former Governor of Assam

**શિક્ષણ, જનસેવા અને રાષ્ટ્રનિર્માણમાં અસાધારણ અને વિશિષ્ટ યોગદાન બદલ.**

SHINING INDIA EXCELLENCE IN PUBLIC SERVICE AWARD – 2026

માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાજી

Former Cabinet Minister, Government of Gujarat

શિક્ષણ અને જનસેવાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ.

SHINING INDIA BEST MLA AWARD – 2026

૧. શ્રી પૂર્ણેશભાઈ મોદીજી — સુરત પશ્ચિમ વિધાનસભા ક્ષેત્ર
૨. શ્રી કાંતિલાલભાઈ અમૃતિયાજી — મોરબી વિધાનસભા ક્ષેત્ર
૩. શ્રી જનકભાઈ તલાવિયાજી — લાઠી વિધાનસભા ક્ષેત્ર
૪. શ્રી જગદીશભાઈ મકવાણાજી — વઢવાણ વિધાનસભા ક્ષેત્ર
૫. શ્રી સંજયસિંહ મહીડાજી — મહુધા વિધાનસભા ક્ષેત્ર
૬. શ્રી ભગવાનજીભાઈ કરગટિયાજી — માંગરોળ વિધાનસભા ક્ષેત્ર
૭. શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલાજી — પાદરા વિધાનસભા ક્ષેત્ર
૮. શ્રી જિગ્નેશ મેવાણીજી — વડગામ (SC) વિધાનસભા ક્ષેત્ર
૯. શ્રી ભગાભાઈ બારડજી — તાલાલા વિધાનસભા ક્ષેત્ર
૧૦. શ્રી નરેશભાઈ પટેલજી — ગણદેવી (ST) વિધાનસભા ક્ષેત્ર
૧૧. શ્રી કૌશિકભાઈ વેકરિયાજી — અમરેલી વિધાનસભા ક્ષેત્ર

